# 'અંગુલિમાલ'– એક આસ્વાદ

ડૉ દિનેશ એમ. ચૌધરી
શિક્ષક, જ્ઞાનમંદિર ઉ.મા.શાળા, પાટણ

કોઈપણ સાહિત્યકૃતિ તત્કાલીન સમયના માનવીનું–સમાજનું યથાર્થ ચિત્રણ હોય છે. કૃતિના જન્મ પાછળ જે તે સમયનાં સૂક્ષ્મ સંચલનો કારણભૂત બને છે, આથી જ દરેક કૃતિ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. સતીશ વ્યાસ કૃત 'અંગુલિમાલ' નાટક પણ આધુનિક સમયની આધુનિક માનવીની અનેક સમસ્યાઓને ઉજાગર કરતું, વાસ્તવિક ઘટનાઓને યથાર્થ ઓપ આપતું મૌલિક અને સ્વતંત્ર નાટક છે. અંગુલિમાલની મૂળ જાતકકથાને આ નાટક સાથે કશો સંબંધ નથી.

'અંગુલિમાલ' નાટકને સતીશ વ્યાસે પૂર્વાર્ધ અને ઉતરાર્ધ એમ બે ભાગમાં વહેંચ્યું છે. નાટકના પૂર્વાધમાં હરામનું ખાનાર અને સમાજમાં નતમસ્તકે જીવનાર અંગીરામ જેવી વ્યકિતઓ પર કટાક્ષ કર્યો છે. સમાજમાં એક બાજુ છે મફતનું ખાનારા ધર્મગુરૂઓ, સત્તાના બળે જનતાને ભોળવતા સત્તાધીશો, તો બીજી બાજું  છે ભૂખથી તડપી ઊઠતો પણ મફતનું કે હરામનુંન ખાનારો એવો ખુમારીવાળો અભણ વર્ગ. નાટકના ઉતરાર્ધમાં લેખકે સાંપ્રત રાજકારણ અને સત્તાના લાલચી સત્તાધીશો પર સીધો પ્રહાર કર્યો છે. પ્રાચીન કાળમાં સત્તાધીશો બાહુના બળથી વસ્તુ મેળવતા, જયારે અત્યારે છળકપટથી આવું કૃત્ય કરવામાં આવે છે. માત્ર બાહ્ દેખાવ, ભાષા કે પોશાકથી પોતાની જાતને આધુનિક માનતો આજનો માનવી વિચારો અને વર્તનથી હજુપણ પહેલાંના જમાનામાં માનવી જેવો જ છે. પોતાનો સ્વાર્થ સાધવા માટે અન્ય વ્યકિતનો ગમે તે રીતે કરાતો ઉપયોગ, લાગવગથી સત્તા પર ચઢી બેઠેલા ગમાર નેતાઓ, લાંચરૂશ્વતથી વશ થતા સ્વતંત્ર મિજાજની વ્યકિતઓ વગેરેનું યથાર્થ ચિત્રણ આપણને અહીં જોવા મળે છે. આઝાદી મળ્યાંને આટલાં વર્ષો થયાં પણ ખરા અર્થમાં આજનો માનવી હજુ પણ પરતંત્ર છે અને ગમે ત્યારે વિદ્રોહ કરવાની પરિસ્થિતિમાં છે. સિદ્ધાંતો પર ચાલતો માનવી આજના જમાનામાં દુઃખી દુઃખી થઈ જાય છે. ધર્મ, કોમ–જ્ઞાતિ–જાતિને લઈને સમાજમાં થતા સંઘર્ષો અને તેમાં સત્તાધીશોની ભૂમિકા વગેરે જેવી આજની અનેક સમસ્યાઓ તરફ અંગુલિનિર્દેશ કરતું સતીશ વ્યાસનું 'અંગુલિમાલ' નાટક આધુનિક નાટયસાહિત્યમાં અનોખી ભાત પાડે છે.

નાટયારંભે અંગીરામના કુટુંબની દારુણ પરિસ્થિતિનું ચિત્રણ છે. પત્ની સવિતા પાસે ખાવાનું માંગતા આંગીરામને સવિતા કુટુંબની વાસ્તવિકતાનું દર્શન કરાવતાં કહે છે :

'બોલ્યા, ખાવાનું લાવ કયાંથી લાવે? ઘરમાં ધાન ખૂટયાં છે, થાને ધાવણ ખૂટયાં છે, આ બાળ પણ ભૂખ્યાં છે તમને શું ખવડાવું, કપાળ મારું.'' (અંગુલિમાલ પૃ.પ.)

પત્નીના રોકવા છતાં તેને ગાળો બોલીને બાળક માટે સંતાડી રાખેલું ખાવાનું અંગીરામ ખાઈ જાય છે. ઠપકો આપવા આવેલાં માતા–પિતા અંગીરામ તરફ આંગળી ચીંધે છે, ત્યારે અંગીરામ ઉશ્કેરાઈને કહે છે કે, પોતે એકલો કંઈ બેઠો બેઠો નથી ખાતો પણ રાજા, ધર્મગુરુઓ અને પશુ–પક્ષી પણ કંઈ કામ કર્યા વિના બેઠાં બેઠાં જ ખાય છે. લેખકે અહીં મફત ખાનારા લોકોનો ઉપહાસ કર્યો છે. અંગીરામ બધું સહન કરી શકે છે, પણ પોતાના તરફ ચીંધાયેલી આંગળી તે સહન કરી શકતો નથી. તે કહે છે :

''પાછી ખેંચી લો આ આંગળીઓ એ મને તીરની જેમ, શૂળની જેમ ખૂંચે છે. પાછી ખેંચી લો.''

(અંગુલિમાલ પૃ.૭)

કોઈપણ વ્યકિત તરફ ચીંધાયેલી આંગળી એ તેનું સૌથી મોટામાં મોટું અપમાન છે. આવી વ્યકિત સમાજમાં ઉન્નત મસ્તકે જીવી શકતી નથી. ગામલોકોને માર મારવા બદલ પિતા હરિરામ અંગીરામને ઠપકો આપે છે, અને ગામલોકોની ક્ષમા માંગે છે. માતા–પિતા અંગીરામ જેવા પુત્રને જન્મ આપ્યો એ બદલ વલોપાત કરે છે. ગામલોકો દ્વારા પોતાના તરફ ચીંધાયેલી આંગળીઓ જોઈને અંગીરામ બધાના હાથ ઉખાડી નાખવાની ધમકી આપે છે. આ સંઘર્ષ દરમિયાન ખાવાનુ માંગતા અંગીરામનાં બાળકોનો પ્રવેશ થાય છે. ગામલોકો ફરીથી અંગીરામની મજાક ઉડાવે છે.

બાળકોની ભૂખને સંતોષવા માટે અંગીરામ મંદિરમાં ચાલતા સદાવ્રતમાંથી બાળકો માટે ખાવાનું લાવે છે, પણ અંગીરામનાં માતા–પિતા અને પત્ની સવિતાને આ મંજૂર નથી. સવિતા કહે છે;

''અત્યારથી હરામનું ખાશે તો હંમેશાં હરામનું જ ખાતાં શીખશે.'' (અંગુલિમાલ પૃ. ૧૦)

અહીં આપણને સવિતાના ઉચ્ચ સંસ્કારોનું દર્શન થાય છે. તેનાં બાળકો પણ હરામનું ખાવાની ના પાડે છે. બધાં અંગીરામને ખાવાનું પાછું આપવા માટે સમજાવે છે પણ તે ટસનો મસ થતો નથી. અને પોતે એકલો જ બધું આરોગી જાય છે. અંગીરામનાં માતા–પિતા, પત્ની અને બાળકો પણ તેને હરામનું ખાનાર કહી, તેની સામે આંગળી ચીંધે છે.

દૃશ્ય પરિવર્તન થાય છે, રસ્તે ચાલ્યા જતા અંગીરામના કાને કથા સંભળાવતા કથાકારના શબ્દો સંભળાય છે :

''આ સંસાર એક માયા છે. અહીં કોઈનું કોઈ નથી. બધા સ્વાર્થનાં સગાં છે. સુખમાં તો સઘળા ભાગીદાર બનવા આવશે પણ દુઃખમાં તો કોઈ જ ન હીં થાય. પત્ની, પુત્ર, પતિ, પિતા, ભ્રાતા, ભગિની આ બધા દુન્વયી સંબંધો ક્ષણજીવી છે. કોઈ આપણા પાપ કે દુઃખનું ભાગીદાર નથી.'' (અંગુલિમાલ, પૃ. ૧૬)

આ જ માનવજીવનની કરુણ વાસ્તવિકતા છે. મનુષ્ય આ સત્ય જાણવા છતાં મૃગજળ મેળવવા દોડયા જ કરે છે. માયાના બંધનોમાં જકડાવું તેને ગમે છે. બાહ્ સુખની પ્રાપ્તિ એ જ જાણે એના જીવનનું અંતિમ લક્ષ્ય છે. કથાકાર સાથે વાતચીત કરતા અંગીરામને ભકતજનો ગાંડો ગણી, તેની સામે આંગળીઓ ચીંધે છે. છંછેડાયેલો અંગીરામ તેમને પથ્થરથી મારવા ધસે છે, કથાકાર તેને શાંત પાડે છે.

દૃશ્ય બદલાય છે. પત્ની પાસે પાણી માંગતા અંગીરામને પત્ની 'તમારે કયાં ઢોર ચરાવવા જવું છે તે ઉતાવળ છે' એવું મ્હેણું મારે છે. અંગીરામ સવિતાને ઝાડું મારે છે. આથી સવિતા અંગીરામને 'નબળો ધણી બૈરા પર શૂરો' એવું સંભળાવીને બાળકો સહિત ગૃહત્યાગ કરે છે. ન્યાય માટે આવેલા મુખી અને ગ્રામજનો અંગીરામને અપરાધી ગણી તેના તરફ આંગળીઓ ચીંધે છે. નાનપણથી આજસુધી અપમાન સહન કરતા આવતા અંગીરામનો ક્રોધ જવાળામુખીની જેમ ફાટી નીકળે છે અને જોતજોતામાં તે કેટલાયની આંગળીઓ કાપીને ઢગલો કરી દે છે. આંગળીઓની માળા બનાવતાં અંગીરામ કહે છે :

''હવે હું અંગીરામ નથી, હવે હું છું અંગુલિમાલ હા અંગુલિમાલ... આંગળીઓની માળા ધારણ કરનારો, આંગળીઓ કાપી ગળામાં લટકાવનારો અંગુલિમાલ... સાવધાન... આવી રહ્યો છે હવે અંગીરામનો પુનરવતાર અર્થાત્ અંગુલિમાલ...'' (અંગુલિમાલ પૃ. ૨૩)

અહીંથી શરૂ થાય છે નાટકનો ઉત્તરાર્ધ. ઉત્તરાર્ધ ભાવકોને–પ્રેક્ષકોને આશ્ચર્ય પમાડે તેવો છે. અહીંથી નાટકમાં અણધાર્યો પલટો આવે છે. અંગીરામ અહીં 'અંગુલિમાલ' નામ ધારણ કરે છે. સંઘગાન વચ્ચે અટ્ટહાસ્ય કરતા અંગુલિમાલનો પ્રવેશ થાય છે. રસ્તે પસાર થતો અંગુલિમાલ એક વૃદ્ધ અને યુવાનની આંગળી ખડ્ગથી કાપી નાંખે છે. અહીં પ્રાચીન કથાનો અંગુલિમાલ જાણે આધુનિક સ્વરૂપે અવતરતો હોય તેવું લાગે છે. તે જાણે પોતાની અધૂરી ઈચ્છાઓને સાકાર કરવા છવ્વીસો વર્ષ પછી પુનઃ પાછો ફરે છે. પોતાને ઓળખી ગયેલા પાત્ર ૧–૨–૩ને પોતાના પહેરવેશ અંગે અંગુલિમાલ કહે છે :

"જેવો દેશ તેવો વેશ. જેવો કાળ તેવી ચાલ. પણ અવતાર બદલાતાંયે મારી ભૂખ નથી ગઈ બોલે." (અંગુલિમાલ પૃ. ૩૨)

નાટકના પૂર્વાર્ધમાં અભણ અને ગમાર જેવો લાગતો અંગુલિમાલ ઉત્તરાર્ધમાં અંગ્રેજી સંવાદ બોલતો જોવા મળે છે. સત્તાણું આંગળી એકઠી કરી ચૂકેલા અંગુલિમાલને હજુ ત્રણ આંગળીઓની જરૂર છે. આધુનિક અંગુલિમાલ આંગળીઓ અંગેની પોતાની સિદ્ધિ માટે ચોપડીઓ પૂરતો સીમિત ન રહેતાં ટી.વી.માં પણ ચમકે છે. અંગુલિમાલને હવે ચોક્કસ વ્યકિતઓની ચોક્કસ આંગળીઓ (તર્જની)ની જ જરૂર છે. અંગુલિમાલને આ સિદ્ધિમાં સહકાર આપવા પાત્ર ૧–૨–૩ તૈયાર થાય છે. પાંચ લાખ રૂપિયા અને પોતાના પર ચાલતી અદાલતી તપાસ બંધ કરાવવાની શરતે પ્રદેશ મહિલા પ્રતિનિધિ મિસ ડોલી અંગુલિમાલને પોતાની આંગળી આપે છે. ત્યારબાદ પોતાની આંગળીના બદલામાં પુરવઠા ખાતાના મંત્રી બનવાની માંગણી કરતા હરસુખ બકાલી અંગે ઉપાય બતાવતાં પાત્ર–૧ કહે છે :

"તમે પુરવઠા ખાતાને બે ભાગમાં વહેંચી દો. એકનું નામ રાખો અન્ન ખાતું અને બીજાનું રાખો અનાજ ઉત્પાદન ખાતું"

સાંપ્રત રાજકારણ, સત્તાની લાલચ અને હડપ કરવાની નીતિ વગેરે પર લેખકે અહીં વ્યંગ કર્યો છે. અંગુલિમાલ અંતે બકાલીને પુરવઠા ખાતાના મંત્રી બનાવવાની શરતે આંગળી મેળવે છે. અંગુલિમાલને હવે જરૂર છે માત્ર એક આંગળીની અને એ આંગળી છે લાંચ કે ભયને વશ ન થનારા જ્ઞાનીજીની. અંતે અંગુલિમાલ જ્ઞાનીજીની પત્ની અનાકૂલાને નિશાન બનાવી તેમના દીકરાને મેડીકલમાં પ્રવેશ અને દીકરીનાં લગ્ન માટે આશરે પચ્ચીસેક લાખની લાલચ આપી સિદ્ધાંતવાદી એવા જ્ઞાનીજીની આંગળી મેળવવામાં પણ તે સફળતા મેળવે છે. અંગુલિમાલને સમગ્ર કાર્યમાં સહકાર આપતા અને કમિશન મેળવતા પાત્ર–૧ દ્વારા લેખકે વચેટિયાઓ પર પ્રહાર કર્યો છે. વળી રાજયની તિજોરી અંગે ચિંતા કરતા અંગુલિમાલને તે કહે છે :

"અને વળી તમારે શી ફિકર છે? છે ને શ્રેષ્ઠીઓ, કાળા બજારિયાઓ, ફિલ્મી કલાકારો,
ઉદ્યોગપતિઓ. આજ સુધી ચાલ્યું જ ને? એટલે ચાલશે. તમ તમારે દઈ દો પચ્ચીસ લાખ
ને કરો ફતેહ. આજે અગિયાર વાગ્યે ગૃહમાં થઈ જશે તમારી અંગુલિમાલ પૂરી. ધન્ય ધન્ય."

(અંગુલિમાલ પૃ.૪૫)

આ રીતે ગળામાં આંગળીઓની માળા ધારણ કરી જ્ઞાન, બુદ્ધિ, મન, સ્વમાન સર્વને ગિરવે મૂકી અંગુલિમાલ ગાદી–સત્તા મેળવે છે.

અંતિમ દશ્યમાં સાંપ્રત રાજકારણ, સ્વાર્થી અને લાલચુ સત્તાધીશો, મરવાના વાંકે જીવતી નિર્માલ્ય પ્રજા વગેરેનું સચોટ ચિત્રણ કલાત્મક રીતે નિરૂપાયું છે. અહીં આપણને લા.ઠા.ની એક પંકિતનું સ્મરણ થાય છે :

"કશું જ મારા હાથમાં નથી;
મારા હાથ પણ મારા હાથમાં નથી."

આ છે આધુનિક માનવીની દશા. પોતાનું સર્વસ્વ હોવા છતાં જાણે પોતાનું કશું જ નથી. ધર્મ, જ્ઞાતિ, જાતિ અને પ્રદેશના સંઘર્ષોમાં અટવાયેલો આજનો માનવી સત્તાધીશોના હાથનું રમકડું બની ગયો છે.

નાટકના સમગ્ર વસ્તુને વ્યંજિત કરવામાં વૃંદગાન મદદરૂપ નીવડે છે. નાટકના પાત્રોમાંથી પ્રગટ થતી વ્યકિતત્વની લાક્ષણિકતા નાટકના વસ્તુને લક્ષ્ય સુધી પહોંચાડવામાં મદદરૂપ નીવડે છે. બે યુગોનું જોડાણ કરતું અંગુલિમાલનું પાત્ર રંગભૂમિ પર અનોખી જમાવટ કરે છે. સવિતા, હરિ, તારા, મુખી અને ગ્રામજનોના સંવાદોમાંથી ઊભું થયેલું કુટુંબ અને ગામડાનું ચિત્ર વસ્તુને પૃષ્ટ કરે છે. સવિતા અને બાળકોની ખુમારી સ્પર્શી જાય તેવી છે. કથાકારના કથાબોધમાંથી પ્રગટ થતો દુન્વયી સંસારનો સાર અને ક્ષણજીવી સંબંધોનું સત્ય જીવનની વાસ્તવિકતાનું દર્શન કરાવે છે. નાટકના સંવાદો વસ્તુને બળ પૂરું પાડે છે. નાટકમાં પ્રયોજાયેલી પાત્રોચિત ભાષામાં લેખકની બળકટ ભાષાશકિતનો પરિચય મળે છે. આમ સમગ્રતયા મૂળકથાને સ્પર્શ્યા વિના મૌલિક અને સ્વતંત્ર રીતે આધુનિક દષ્ટિકોણ ધરાવતું 'અંગુલિમાલ' નાટક ગુજરાતી રંગભૂમિક્ષેત્રે અનોખી ભાત પાડે છે.